# હજુ સફાઈ અભિયાન સે-૧૫ કોમર્સ કોલેજ સુધી પહોંચ્યું નથી

## નવ નિર્મિત કોલેજના પ્રથમ માળે લોબીમાં પ્રાણીઓનું વિષ્ટા ઠેક ઠેકાણે નજરે પડે છે

ગાંધીનગર, તા. ૩૦

દેશભરમાં સ્વચ્છતા અભિયાન હેઠળ ગંદકી સાફ ઠેક-ઠેકાણે ઝાડુ લઈને સફાઈ કરવામાં આવી રહી છે. ત્યારે સેક્ટર-૧૫ કોમર્સ કોલેજમાં પ્રથમ મો પ્રાણીઓના લીંડા ઠેક-ઠેકાણે પડી રહ્યા છે. કોલેજ દ્વારા સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાવવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર સેક્ટર-૧૫માં નવનિર્મિત કોમર્સ કોલેજના પહેલા માળે ગંદકીના ઢગ દેખાઈ રહ્યા છે. કોમર્સ કોલેજનું નિર્માણ થોડા સમય પહેલા જ કરવામાં આવ્યુ ંછે. ત્યારે કોલેજની લોબીમાં પડી રહેલુ કૂતરા-બિલાડીની વિષ્ટાની ગંદકી સાફ કરવા માટે કોલેજના સ્ટાફને સમય મળતો નથી. ભારત દેશમાં સ્વચ્છતા અભિયાનના ઢોલ-નગારા વગાડી નાગરિકોને ગંદકી ન કરવા તેમજ સાફ સફાઈ કરવા માટે જાગૃત કરવામાં આવે છે. મંત્રીઓની કચેરીથી લઈને દરેક સરકારી કચેરીમાં


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

રહેલ ગંદકીને સાફ કરવામાં આવી રહી છે ત્યારે નગરી અને જ્યા સહુથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તે કોલેજમાં સ્વચ્છતા અભિયાનમાં છીંડા પડેલા દેખાઈ રહ્યા છે.

કોલેજમાં આવનાર દરેક બાળક જોઈને અભિભૂત થઈ જાય તેવી બતાવવામાં આવી છે. પરંતુ અંદર પ્રવેશ કરતા જ કોલેજનું રૂપ બદલાઈ જતુ દેખાઈ આવે છે. પ્રથમ માળે અલગ-અલગ જગ્યાએ જવા માટે જાળી લગાવી તાળા બંધ કરવામાં આવી છે ત્યારે જો આ તાળાબંધી દૂર કરવામાં આવે તો પણ લોબી સાફ રહી શકે તેમ છે.

નગરમાં રહેતો નાનામાં નાનો વ્યક્તિ સફાઈનું મહત્વ સમજી સફાઈ અભિયાનમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમાન સહયોગ આપી રહ્યો છે ત્યારે કોલેજમાં સફાઈ ક્યારે કરવામાં આવે છે તે જોવાનું રહ્યું.



(તસવીર : કશ્યપ નિમાવત)

ઘણા લાંબા સમય બાદ આખીરકાર સેક્ટરોમાં જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો શરૂ થયા છે. ગંદકી ઘટાડવાના પ્રયાસની શરૂઆત કોર્પોરેશને તો કરી દીધી હવે પ્રજાની જવાબદારી પણ તેટલી જ છે તેને નિભાવવાની...

# વાઈબ્રન્ટમાં સુરક્ષાને ધ્યાને રાખી શ્રમિકોના વેરીફીકેશન થશે

ગાંધીનગર, તા. ૩૦

વાઈબ્રન્ટ સમિટમાં સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખી ગાંધીનગરમાં વિવિધ બાંધકામ સાઈટો પર રહેતા શ્રમિકોનું વેરીફીકેશન પોલીસ દ્વારા શરૂ કરવામાં આવશે. તે ઉપરાંત વિડીયો અને ફોટોગ્રાફી કરીને તેમના ડેટા તૈયાર કરવામાં આવશે. શ્રમિકના સ્વાંગમાં ગાંધીનગરના પ્રવેશીને કોઈ તત્વો સુરક્ષા-સલામતી સામે ખતરો ઉભો કરે નહી તેનું આગોતરૂ આયોજન કરી આ વેરીફીકેશન શર-કરવામાં આવશે.

શ્રમિકોના વેરીફિકેશન ઉપરાંત હવે પોલીસે કોન્ટ્રાક્ટરો ઉપર પણ ફોકસ કર્યુ છે. શ્રમિકોને લાવનાર અને અલગ-અલગ સ્થળો પર મજૂરી માટે મોકલનાર લેબર કોન્ટ્રાક્ટરોએ તથા બાંધકામ સાઈટ પર કામ કરાવનાર કોન્ટ્રાક્ટરોએ શ્રમિકોના ફોટા-નામ-ઠામ સહિતનો સંપૂર્ણ ડેટા રાખવો પડશે. તમામ શ્રમિકોનું રોજેરોજનું રજીસ્ટર મેઈન્ટેઈન કરવું પડશે. તે ઉપરાંત આ ડેટા પોલીસને પણ આપવા પડશે. જિલ્લા કલેક્ટર દ્વારા આ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જો કોન્ટ્રાક્ટરો ડેટા નહી રાખે તો પોલીસ હવે તેમની સામે પણ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.

# ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે હરિભાઈ ચૌધરીની દીકરીઓ સાથે ગોષ્ઠી

ગાંધીનગર, તા. ૩૦

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીએ ગાંધીનગર ખાતે રજુઆત સંદર્ભે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીએ ભારત સરકાર દ્વારા ગુજરાતને વધુ મેળવી મહિલાઓ કારકિર્દીનું ઘડતર કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના


(તસવીર : દિપક જાની)

શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે ઉત્તર ગુજરાતની ગ્રામીણક્ષેત્રની કન્યાઓ સાથે શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે શ્રેષ્ઠ કારકિર્દી ઘડતર અંગે કન્યાઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી વિચાર-ગોષ્ઠિ કરી હતી.

રાષ્ટ્રીયકક્ષાએ વિવિધ રમતોમાં પહોંચેલી કન્યાઓનું રમત-ગમત ક્ષેત્રે વધુ સારૂ કોચીંગ અને સાધન સહાયની સુવિધાઓ મળે તો વધુ સારો દેખાવ કરી શકીશું તેવી ગ્રાન્ટ મળે તેવા પ્રયાસો કરવા જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક કાર્યકર્તાને ગૃહખાતા જેવી મોટી જવાબદારી મને સોંપી છે. દેશમાં ચાર રાજ્યોમાં મહિલા મુખ્યમંત્રીઓ જવાબદારી નિભાવે છે ત્યારે ધોરણ-૯ થી ૧૨ ના શિક્ષણમાં વધુ મહેનત કરી મેરીટમા શ્રેષ્ઠ નંબર ભાજપા ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ચૌધરી અને કોર્પોરેટર શ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વાગત કરી કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીશ્રી હરીભાઈ ચૌધરીનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલભાઈ ચૌધરી, શ્રી હરીભાઈ વેલજીભાઈ ચૌધરી, ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, પત્રકાર શ્રી દેવેન્દ્રભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૨૩ ગુરુકુળ સ્કુલ બહાર બે વિદ્યાર્થી જુથો વચ્ચે ધિંગાણુ

## શર્ટના બટન ખુલ્લા રાખવા બાબતે રાયોટીંગ : સે-૨૧ પોલીસ મથકમાં ક્રોસ ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

કોઈને ઈમ્પ્રેસ કરવા કે ફિલ્મો જોઈને પોતાની છાપ હિરો જેવી ઉભી કરવા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ હવે શાળા બહાર ધિંગાણુ કરતા થઈ ગયા છે. સે-૨૩ ગુરુકુળ સ્કુલ બહાર બે વિદ્યાર્થી જુથો સામ સામે આવી ગયા હતા અને સામ સામે મારઝુડ કરી એકબીજાને લોહીલુહાણ કરવા પાછળનું કારણ માત્ર શર્ટનું બટન ખુલ્લુ રાખવા જેવુ હોવાનું જાણવા મળ્યું છે. સે-૨૧ પોલીસ મથકે આ બનાવ અંગે રાયોટીંગનો ગુનો દાખલ થવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ ગુરુકુળ સ્કુલ સે-૨૩ની બહાર ઉભેલા એક વિદ્યાર્થીનું શર્ટનું બટન ખુલ્લુ જોઈ બીજો એક વિદ્યાર્થી તેની પાસે આવ્યો અને દાદા થઈ ગયો છે તો શર્ટનું બટન ખુલ્લુ રાખે છે? તેમ કહી કાન વચ્ચે લાફો ઝીંકી દેતા કડી તુટીને નીચે પડી ગઈ હતી અને લોહી નિકળવા લાગ્યું હતું. આ બાબત ઉગ્ર બની અને જેણે લાફો ખાધો તે વિદ્યાર્થીનું જુથ અને જેણે લાફો માર્યો તેનું છ જણાનું જુથ સામ સામે આવી ગયું હતું અને શાળા બહાર જ ધિંગાણું સર્જાયું હતું. આ મામલો અંતે સે-૨૧ પોલીસ મથકે પહોંચતા પોલીસે બંને વિદ્યાર્થીઓની ક્રોસ ફરિયાદ લઈને રાયોટીંગ નો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

# કિશોરી પર બળાત્કાર ગુજારનાર વાવોલનાં ચારેય ઝબ્બો

ગાંધીનગર, તા.૩૦

વાવોલ ગામમાં રહેતી ૧૪વર્ષની કિશોરીનું અપહરણ સીએનજી રિક્ષામાં કરીને વાવોલ ગામના ચાર શખ્સો ફરાર થઈ ગયા હતાં. કિશોરી પર એક શખ્સે અલગ અલગ જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજારી અન્ય ત્રણે મદદગારી કર્યા અંગેની ફરિયાદ સે-૭ પોલીસ મથકે નોંધાવા પામી હતી. સે-૭ પીઆઈ એલ.બી. મોણપરાએ ચારેય આરોપીઓની ધરપકડ કરી લઈને ઉંડી તપાસ શરુ કરી છે.

# આવો વડાપ્રધાન મોદી અને ગાંધીબાપુની આશાઓને પરીપૂર્ણ કરીએ : સરલાદીદી

## સેક્ટર-૨૮ બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા સફાઈ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો : આગામી ત્રણ માસ સુધી અભિયાન ચાલશે : નગરને ગંદકી મુક્ત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

દેશને મોતી જેવો બનાવવા માટે મિશનમાં બ્રહ્માકુમારી સંસ્થા જોડાઈ છે, આગામી ત્રણ મહિના સુધી શરૂઆત કરતા પહેલા રાજયોગીની સરલાદીદીએ સ્વચ્છતા માટેના શપથ હર્ષજીત પંડ્યાએ ઝાડુ પકડી સફાઈ અભિયાનને વેગ આપ્યો હતો. તારાદીદીએ જણાવ્યું હતું કે આ સફાઈ અભિયાન આગામી ત્રણ મહિના સુધી બ્રહ્માકુમારી દ્વારા સાચા અર્થમાં સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાઈ છે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. દેશમાં આવેલ સરકારી કચેરીઓ, ગામડા અને શહેરમાં ક્યાય ગંદકી ના રહે તે માટે મંત્રીઓથી લઈને અધિકારીઓ આ મિશનમાં જોડાયા છે. વડાપ્રધાનનાં સ્વચ્છ ભારત બ્રહ્માકુમારીની બહેનો નગરની ગંદકીને સાફ કરશે. જેનો શુભારંભ આજે સવારે કરવામાં આવ્યો હતો.

સેક્ટર-૨૮માં આવેલ બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા આજે સવારે ૮ વાગે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સફાઈની લેવડાવ્યા હતા. ત્યારબાદ સફાઈ અભિયાનનો શુભારંભ નાની બાળકી દ્વારા ઓમ શાંતિનો ધ્વજ બતાવીને કરાવ્યો હતો. આ પ્રસંગે મહાનગર પાલિકાના કમિશનર જી.આર. ચૌધરી, સ્ટેડિંગ કમિટી ચેરમેન આશિષ દવે અને સ્થાનિક કોર્પોરેટર

અભિયાનની શરૂઆતમાં સેક્ટર-૨૮ માં આવેલ મેઈન શોપિંગ સેન્ટર, એલસીબી પોલીસ સ્ટેશન, ૨૮ ગાર્ડન સહિતના વિસ્તારમાં કરવામાં આવી હતી. અભિયાનમાં ૧૦૦ થી વધારે બહેનો જોડાઈ હતી. ત્યારે કેન્દ્રના સંચાલિકા કૈલાશદીદીએ અને હાથ ધરવામાં આવનાર છે. સેક્ટર-૨૮માંથી શરૂ કરેલ અભિયાનને શહેરના દરેક સેક્ટર સુધી લઈ જવામાં આવશે અને રાજ્યના પાટનગરને ગંદકી મુક્ત કરવામાં આવશે તેમજ મોદી અને મહાત્મા ગાંધીજીની આશાઓને પરીપૂર્ણ કરીએ.

સંસ્થાની બહેનોએ સફાઈ કરીને સફેદ કપડાનો અર્થ સમજાવ્યો છે. બ્રહ્માકુમારી સંસ્થાનો ડ્રેસ કોડ સફેદ છે ત્યારે સફેદ કપડામાં પણ આ રીતે કાર્ય કરી શકાય છે. નગરના નાગરિકોએ સંસ્થાની બહેનો દ્વારા કરવામાં આવેલ અભિયાનને બિરદાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૦૫**
**સૂર્યાસ્ત : ૫.૫૨**

## તાપમાન

**મહત્તમ : ૩૨.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૭૩ ટકા ● સાંજે ૫૭ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

**સ્ક્રીન-૩ :**

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

### સિનેમેક્સ,

**: સ્ક્રીન-૧ :**

ઉંગલી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૦, ૫.૪૫, ૧૦.૪૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૮.૨૦

**: સ્ક્રીન-૨ :**

ઉડી પેન્જીયસ : માડાગાસ્કર (અંગ્રેજી) : ૧૦.૧૦, ૧૨.૨૫, ૬.૦૦, ૮.૧૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૧૦.૩૦

ઈન્ટરસ્ટેલર (અંગ્રેજી) : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૨.૦૫, ૨.૪૫

જીદ : ૫.૨૫, ૧૦.૫૫

ઝેડ પ્લસ : ૮.૦૫

**સ્ક્રીન-૪ :**

ઉંગલી : ૯.૦૦, ૪.૧૫, ૭.૨૦, ૯.૫૫

જીદ : ૧૧.૩૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦

## આપની આજ

**મેષ** : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું.

**વૃષભ** : નિર્ણયો ખાનગી રાખવા જરૂરી છે. મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. કામકાજની સ્થિતિ લાભદાયક રહેશે. શત્રુ પરાસ્ત થશે,

**મિથુન** : પ્રયાસ કરવાથી અટકેલા પૈસા મળવાની શકયતા. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. જોખમ, જવાબદારીના કામોમાં સાવચેતી રાખવી. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**કર્ક** : મિત્રો સાથે સમય પસાર થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

**સિંહ** : કોઈ પ્રિય વ્યક્તિથી ભેટ થઈ શકે છે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટે.

**કન્યા** : સ્થાયી સંપત્તિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન રહે. નવા સંબંધો લાભદાયક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્દ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**મકર** : સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**મીન** : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજજવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. બનુબા હરિસિંહ ગઢવી (ઉ.વ.૮૮) પ્લોટ નં. ૩૬૨/૧, સેકટર-૩બી, ગાંધીનગર
- સ્વ. પુરૂષોત્તમદાસ અંબાલાલ પ્રજાપતિ (ઉ.વ.૮૫) મુ. નાદરી, તા. કલોલ, જી. ગાંધીનગર.
- સ્વ. નાથાજી સિતાજી વણઝારા (ઉ.વ.૬૫) ગામ - બોરીજ, નવા પરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. હિરાલાલ હરીલાલ પંડ્યા (ઉ.વ.૯૦) મુ. વાવોલ, એફ-૧, શાલીન-૪, તા.જી. ગાંધીનગર